गूजरात विद्यापीठ
( डीम्ड टु बी युनिवर्सिटी )

१९२० में महात्मा गांधी द्वारा स्थापित
Founded By Mahatma Gandhi in 1920

GUJARAT VIDYAPITH
(Deemed to be University)

# 72મો પદવીદાન સમારંભ : 2026

## પરિપત્ર

**Ref. No.: 134 / Exam Branch / 2026-27** **તારીખ: 25-05-2026**

ગૂજરાત વિદ્યાપીઠના તમામ અનુસ્નાતક, સ્નાતક, સ્નાતકોત્તર, તથા ડિપ્લોમા અભ્યાસક્રમમાં સત્રાંત પરીક્ષામાં પાસ થયેલ વિદ્યાર્થીઓને જણાવવાનું કે 72મો પદવીદાન સમારંભ – 2026 માટેની અરજી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. પદવીદાન સમારંભમાં ભાગ લેવા ઇચ્છુક વિદ્યાર્થીઓએ નીચે મુજબની માર્ગદર્શિકા અનુસાર અરજી કરવાની રહેશે.

---

આવેદનપત્ર ભરવાની તારીખો અને ફી વિગતો:

- તા.: 25-05-2026 થી 03-06-2026 સુધી અરજીપત્રક ઓનલાઈન ભરવાની રહેશે.
  ફી: ₹1000.00
- તા.: 04-06-2026 અને 05-06-2026 (બપોરે 12:00 સુધી) મોડાઈ ફી સાથે અરજી કરી શકાશે.
  કુલ ફી: ₹1250.00 (₹1000 + ₹250 મોડાઈ ફી)

---

અરજી સંબંધિત ખાસ સૂચનાઓ:

- એકથી વધુ પદવી પ્રથમવાર મેળવવી હોય, તો દરેક પદવી માટે અલગ-અલગ અરજીપત્રક ભરવું ફરજિયાત રહેશે.
- અરજદારોએ તમામ વિગતો તેમના ગુણપત્રક અનુસાર જ ભરવાની રહેશે.

---

ઓનલાઈન અરજીપત્રક ભરવાની પ્રક્રિયા:

1. Gmail ID વડે લોગિન કરવું ફરજિયાત છે.
2. લોગિન કર્યા બાદ "Start Application" બટન પર ક્લિક કરીને અરજી શરૂ કરવી.
3. જો આપશ્રી કાર્યક્રમમાં રૂબરૂ પદવી મેળવવા માંગતા હોય તો "પદવીદાન સમારંભમાં હાજર રહીને પદવી પ્રમાણપત્ર લેવા માંગુ છું" વિકલ્પ પસંદ કરવો, અને જો ગેરહાજર રહી પોસ્ટ દ્વારા પદવી મેળવવા માંગતા હોય તો "પદવી પ્રમાણપત્ર ટપાલ દ્વારા મેળવવા માંગુ છું" વિકલ્પ પસંદ કરવો.
4. ફી ભરવાનું બટન ક્લિક કર્યા બાદ ફી ચુકવી શકાશે.
5. ફી સફળતાપૂર્વક ભર્યા પછી "Candidate's Detail" વિભાગમાં જઈ ફોર્મ ભરવાનું રહેશે.
6. છેલ્લું સત્ર/વર્ષ પાસ કરેલા વિદ્યાર્થીઓએ પોતાનો પરીક્ષા નંબર દાખલ કરવાથી વિગતો આપમેળે ઉપલબ્ધ થશે. વિગત ઉપલબ્ધ ન થાય તો આપનો પરીક્ષા નંબર નાખી ફોર્મ ભરવાનું રહેશે.
7. નીચે મુજબ દસ્તાવેજ અપલોડ કરવા ફરજિયાત છે:
   - છેલ્લું સત્ર/વર્ષના અંગ્રેજી તથા ગુજરાતી/હિન્દી ગુણપત્ર અથવા નોટિફિકેશન (PDF ફાઈલ, 250 KB સુધી)
   - ગણવેશમાં પાસપોર્ટ સાઇઝ ફોટો (PNG, JPG, JPEG - 50 KB સુધી)

(ડૉ. નિખિલ ભટ્ટ)
કા. કુલસચિવ

ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ માર્ગ, અહમદાબાદ – ૩૮૦ ૦૦૯
फोन : ( का. ) ०७९-२७५४११४८, २७५४०७४६, ४००१६२००
Email : info@gujaratvidyapith.org

Gujarat Vidyapith, Ashram Marg, Ahmedabad - 380 009
Ph. : (O) 079-27541148, 079-27540746, 079-40016200
@gvp1920